શ્રી એચ. એ. ભુતવાલા, કમિશ્નર, કામદાર વળતર અધિનિયમ,
મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ.

**કામદાર વળતર (ફેટલ) અરજી નં.૮૯/૨૦૦૭.**
**આંક—૩૦.**

**અરજદાર :—**

**૧.** મર્હુમ દિનાભાઈ ચેહરભાઈ પરમારના વારસદાર—
**માતા ડાહીબેન ચેહરભાઈ પરમાર**.
ઠે. કાચા છાપરા, કામધેનુ સોસાયટી પાસે,
રાણીપ, અમદાવાદ.
**૮/૦. શ્રમ વિકાસ લેબર યુનિયન,**
ઠે. ૧૨/૨૭૪, ડી—કોલોની, વિજય મીલ નજીક,
નરોડા રોડ, અમદાવાદ—૨૫.

**: વિ રૂ ધ્ધ :**

**સામાવાળા :—**

**૧.** દહેગામ નગર પાલિકા,
દહેગામ, જી.ગાંધીનગર.

**વિષય :** કામદાર વળતર અધિનિયમ હેઠળ વળતર મેળવવાની અરજી.

અરજદાર તરફે : શ્રમ વિકાસ લેબર યુનિયન.
સામાવાળા તરફે : વિ. વ. શ્રી એમ.જે.અમીન.

**: હુ ક મ :**

**૧.** આ કામે અરજદારે આંક—૧ થી અરજી રજૂ કરેલ. ત્યારબાદ સામાવાળાને નોટીસ કરતાં તે નોટીસ સામાવાળા બજેલ છે. સામાવાળાએ આંક—૨૨ થી જવાબ રજૂ કરી અકસ્માત અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે તે મુજબ કરાર કરવામાં આવેલ હોવાના કારણે અરજદારની માંગણી સ્વીકારી શકાય તેમ નથી તેમ જણાવેલ છે.

**૨.** ત્યારબાદ અરજદારે તરફે આંક—૨૪ થી કોન્ટ્રાકટરને પક્ષકાર તરીકે જોડવા અરજી આપેલ છે. જે અંગેની નોટીસની સૂચિત પક્ષકારોને બજવણી થઈ શકેલ નથી. ત્યારબાદ આ કામે અરજદાર પક્ષ બેદરકાર

રહેલ છે અને સૂચિત પક્ષકારને નોટીસની બજવણી માટે તથા આ કેસની આગળની કાર્યવાહી માટે હાજર રહેલ નથી.અરજદારને નોટીસ કરતાં તે નોટીસ આર.પી.એ.ડી. થી બજવણી થયેલ છે જેની એકનોલેજમેન્ટ આંક–૨૯ થી રજૂ છે. કામદારના સરનામે નોટીસ મોકલતાં તે નોટીસનું કવર વગર બજે પરત આવેલ છે, જે આંક–૨૮ થી રજૂ છે.

**૩.** અરજદાર પક્ષ આ કામે આગળની આગળની કાર્યવાહી માટે હાજર રહેલ નથી તેમજ અરજદાર પક્ષની બેદરકારીના કારણે ૯ વર્ષ ઉપરાંતથી આ કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી. અરજદાર પક્ષની વર્તણૂંક જોતાં તેઓને આ કેસ ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાતું નથી. રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર શરૂઆતથી જ બેદરકાર રહેલ હોવાનું જણાય છે. અરજદાર કે તેમના અધિકૃત પ્રતિનિધી આ કામે હાજર રહેલ નથી તેમજ તેમના તરફે કોઈ રજૂઆત નથી. અરજદાર પક્ષની નિષ્ક્રિયતાના કારણે આ કામે લાંબા સમયથી કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. અરજદાર પક્ષની સતત નિષ્ક્રિયતા ધ્યાને લેતાં અરજદાર પક્ષની કસૂરના કારણે આ અરજી નામંજુર કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય, નીચે મુજબ છેવટનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** અરજદારની કામદાર વળતર (ફેટલ) અરજી નં.૮૯/૨૦૦૭ આથી "**નામંજૂર**"કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૨૧/૧૧/૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
કમિશ્નર,
કામદાર વળતર અધિનિયમ,
મજૂર અદાલત નં.૧, અમદાવાદ.
**CODE–GJ00883**

HMPRAJAPATI:P.A.